સમયમર્યાદા વિના ચાલતા પ્રોજેક્ટ્સથી નાગરિકો તંગ

વાસણા ફ્લાયઓવરનું કામ ક્યારે પૂર્ણ થશે? 'વર્ક ઈન પ્રોગ્રેસ'ના પાટિયા વચ્ચે વાહનચાલકો બેહાલ

ચોક્કસ 'અલ્ટીમેટ ટાઇમ લિમિટ' નક્કી કરવા શહેરીજનોની પ્રબળ માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અનેક નવા બ્રિજો મંજૂર કરવામાં આવે છે અને તેની કામગીરી પણ શરૂ થાય છે, પરંતુ આ પ્રોજેક્ટ્સ ક્યારે પૂરા થશે તેની કોઈ નિશ્ચિત સમયમર્યાદા ન હોવાના કારણે નાગરિકો માટે ભારે મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. પાંચથી સાત કે દસ વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં પણ બ્રિજોનું કામ "વર્ક ઈન પ્રોગ્રેસ" અવસ્થામાં જ જોવા મળે છે, જેના કારણે શહેરીજનોને સતત હાલાકી ભોગવવી પડે છે.

હાલમાં વડોદરાનો વાસણા બ્રિજ જોરશોરથી ચર્ચાનો વિષય બન્યો છે. ગતરોજ આ બ્રિજ પર એક બસ ફસાઈ જવાની ઘટના સામે આવી હતી, જેણે તંત્રની કામગીરી સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. વાસણા બ્રિજનું કામ ક્યારે પૂર્ણ થશે તે અંગે રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. બ્રિજની અધૂરી કામગીરી અને અયોગ્ય ડાયવર્જનને કારણે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે.

શહેરમાં ચાલી રહેલા વિવિધ ફ્લાયઓવર બ્રિજના બાંધકામને કારણે તેની આસપાસના રસ્તાઓ અત્યંત સાંકડા થઈ ગયા છે. આ સાંકડા રસ્તાઓ પરથી ફોર-વ્હીલર, ટુ-વ્હીલર અને મોટા વાહનો પસાર થતા હોવાથી આખો માર્ગ જામ થઈ જાય છે. જે અંતર કાપવામાં સામાન્ય રીતે દસથી પંદર મિનિટનો સમય લાગતો હતો, તે જ અંતર માટે હવે અડધોથી પોણો કલાક જેટલો સમય બગડી રહ્યો છે. ટ્રાફિકજામની આ ગંભીર સમસ્યાના કારણે સામાન્ય જનતા માનસિક પરેશાની અનુભવી રહી છે અને અકસ્માતો સર્જાવાની ભીતિ પણ સતત સેવાઈ રહી છે.

નાગરિકોની માંગ છે કે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જેટલા પણ બ્રિજો બનાવવામાં આવી રહ્યા છે, તેના માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવે કે ક્યારે કામ શરૂ થયું અને ક્યારે પૂર્ણ થશે. વહીવટી તંત્ર દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તંત્રની જ લાપરવાહી અને અધૂરા પ્રોજેક્ટ્સના કારણે જનતા ટ્રાફિકજામમાં ફસાઈ રહી છે. ત્યારે હવે લોકમુખે ચર્ચાતી આ સમસ્યાનો ઉકેલ લાવીને વાસણા બ્રિજનું કામ વહેલી તકે પૂરું કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

લાલુ સિંધી ગેંગના આરોપી ભોલોની જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

લિસ્ટેડ બૂટલેગર લાલચંદ ઉર્ફે લાલુ હેમંતદાસ ખાનાણીની આગેવાની હેઠળની ગેંગ સામે હત્યા, ખંડણી, ધાડ, ખોટા દસ્તાવેજો બનાવવા, સરકારી કર્મચારીઓ પર હુમલા, હથિયાર કાયદા હેઠળના ગુનાઓ અને વિદેશી દારૂની હેરાફેરી સહિતના ગુનાઓ નોંધાયેલા છે. છેલ્લા દસ વર્ષમાં નોંધાયેલા ગુનાઓ પૈકી 81 ગુનાઓ ગુજસીટોક હેઠળ ધ્યાનમાં લેવાયા હતા. આ કેસમાં હિમાન્શુ અગ્રવાલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 483 હેઠળ જામીન અરજી કરી હતી. બચાવ પક્ષે અગાઉના કેટલાક કેસમાં નિર્દોષ છૂટવા અને અન્ય આરોપીને મળેલા જામીનનો આધાર લીધો હતો. જોકે, સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ આરોપીની કથિત ભૂમિકા અને ગુનાહિત પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને જામીનનો વિરોધ કર્યો હતો. બંને પક્ષોની દલીલો બાદ કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

વાઘોડિયા રોડ પર પાર્કિંગ મુદ્દે યુવક પર હિંસક હુમલો કરી ઢોર માર માર્યો

ઉમા ચાર રસ્તા પાસે શ્રી રામ ટમટમ નજીક બોલાચાલી બાદ મારામારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં ગઈકાલે મોડી સાંજે મારામારીની ઘટનાએ સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જ્યો હતો. ઉમા ચાર રસ્તા પાસે આવેલ જાણીતી શ્રી રામ ટમટમની સામે વાહન પાર્કિંગના મામૂલી મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

શરૂઆતમાં સામાન્ય લાગતો આ વિવાદ જોતજોતામાં હિંસક બની ગયો હતો. એક પક્ષ દ્વારા બીજા પક્ષના વ્યક્તિ પર હુમલો કરી ઢોર માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. જાહેર રસ્તા પર થયેલી આ ઘટનાથી આસપાસના દુકાનદારો અને રાહદારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ 112 ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મામલો થાળે પાડ્યો હતો. ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. આ સમગ્ર મામલે પોલીસે ગંભીર નોંધ લીધી છે. પોલીસ દ્વારા હાલ આસપાસના દુકાનો અને સોસાયટીના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરવામાં આવી છે. આ ફૂટેજના આધારે મારામારી કરનાર શખ્સોની ઓળખ કરીને કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેમ પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતમાં બંને વાહનોના આગળના ભાગનો કચ્ચરઘાણ

મકરપુરા એરફોર્સ સ્ટેશન નજીક મોપેડ-બાઈક વચ્ચે જોરદાર ટક્કર, બે ચાલકો ગંભીર

108 એમ્બ્યુલન્સની મદદથી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા, પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં માર્ગ અકસ્માતની ઘટના બની હતી. જેમાં મોપેડ અને બાઈક વચ્ચે જોરદાર ટક્કરથી બંને વાહનચાલકો ફંગોળાયા હતા. બનાવને પગલે ઘટના સ્થળે લોકટોળા એકત્ર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, મકરપુરા એરફોર્સ સ્ટેશન નજીકના મુખ્ય માર્ગ પર એક મોપેડ અને મોટરસાયકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં બંને વાહનોના આગળના ભાગે ભારે નુકસાન થયું હતું. જ્યારે મોપેડ ચાલક તથા મોટરસાયકલ ચાલક બંને રોડ પર ફંગોળાઈને ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત થતા જ ઘટના સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતને પગલે પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક રહીશો દોડી આવ્યા હતા અને સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. જ્યાં બંનેની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રાથમિક તપાસમાં ઓવરસ્પીડ અને બેદરકારીથી વાહન ચલાવવાના કારણે અકસ્માત સર્જાયો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અકસ્માતને લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સતત ચાર રવિવાર મતદાન મથકો ખુલ્લા રહેશે

વડોદરામાં રાજ્ય ચૂંટણી પંચના આદેશથી મતદાર યાદી સુધારણા ઝુંબેશનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશો અનુસાર વડોદરા શહેરમાં નવું મતદાર યાદી સુધારણા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આજથી આગામી ચાર રવિવાર સુધી શહેરભરના તમામ મતદાન મથકો પર મતદારો પોતાના મતાધિકાર સંબંધિત કામગીરી સરળતાથી કરાવી શકશે. નવરાત્રીના પવિત્ર તહેવારની શરૂઆત સાથે જ આ વિશેષ અભિયાનનો પ્રારંભ થયો હોવા છતાં, નાગરિકો અને ખાસ કરીને ગૃહિણીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં લોકો મતદાન મથકો પર પહોંચી રહ્યા છે. વડોદરાની મધ્યવર્તી શાળા ખાતે ફરજ બજાવતા બીએલઓ એ જણાવ્યું હતું કે આ ચાર રવિવાર સુધી ચાલનારા કાર્યક્રમમાં નાગરિકો નવા નામ ઉમેરવા, સરનામું બદલવા, નામ કમી કરાવવા તેમજ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી અપડેટ કરાવવા જેવી તમામ પ્રક્રિયાઓ કરાવી શકશે. તંત્ર દ્વારા ફોર્મ ભરવાની કામગીરીમાં પણ પૂરતો સહયોગ આપવામાં આવી રહ્યો છે જેથી લોકોને કોઈપણ પ્રકારની અગવડ કે ધક્કાધક્કીનો સામનો કરવો ન પડે.હાલમાં નવરાત્રી પર્વની વ્યસ્તતા વચ્ચે પણ ગૃહિણીઓ આ સુવિધાનો સક્રિયપણે લાભ લઈ રહી છે. પોતાના સરનામામાં ફેરફાર કરાવવા આવેલી એક ગૃહિણીએ જણાવ્યું હતું કે, રવિવારના દિવસે આ વિશેષ આયોજન કરવામાં આવવાથી અને સ્થળ પર જ ફોર્મ ભરવાની સુવિધા મળવાથી ખૂબ જ રાહત થઈ છે અને લાંબા અંતર સુધી ધક્કા ખાવા પડતા નથી.ચૂંટણી તંત્ર દ્વારા આગામી બાકી રહેલા ત્રણ રવિવારો દરમિયાન પણ આ સુવિધા ચાલુ રાખવામાં આવશે.

હોમગાર્ડ જવાનની દાદાગીરીની વધુ એક ઘટના

વિજયનગરમાં પાર્કિંગ વિવાદમાં ટેમ્પો ચાલકને માર માર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરમાં કાયદાનું રક્ષણ કરનાર હોમગાર્ડ જવાન સામે જ મારામારીનો વધુ એક ગંભીર આરોપ સામે આવતા ચકચાર મચી ગઈ છે. વારંવાર વિવાદમાં આવતા આ હોમગાર્ડ જવાન સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કાયદાના રક્ષક જ ભક્ષક બનતા હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, સંગમ ચાર રસ્તા પાસે આવેલા વિજયનગર વિસ્તારમાં એક સામાન્ય પાર્કિંગ વિવાદમાં હોમગાર્ડ જવાન આક્રમક બન્યો હોવાની ઘટના બની છે. આક્ષેપ અનુસાર, પાર્કિંગના મામૂલી મુદ્દે ટેમ્પો ચાલક સાથે બોલાચાલી થયા બાદ હોમગાર્ડ જવાને ટેમ્પો ચાલકને માર માર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ પ્રથમ વખત નથી. સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે આ જ હોમગાર્ડ જવાને અગાઉ પણ પાડોશીના મહેમાનો સાથે સામાન્ય બાબતે ઝઘડો કરીને મારામારી કરી હતી. વારંવાર વિવાદમાં આવતા આ હોમગાર્ડ જવાન સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કાયદાના રક્ષક જ ભક્ષક બનતા હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે. આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને વાયરલ વીડિયોની સત્યતા ચકાસીને દોષિત હોમગાર્ડ જવાન સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોએ કરી છે.

લક્ષ્મી વિલાસ પેલેસમાં 'ઐક્યમ ૨૦૨૬' દ્વારા ભારતના જીવંત વારસાની ઝાંખી

વડોદરા : સોપાનના 'ઐક્યમ 2026' કાર્યક્રમની બીજી આવૃત્તિ 'રસ એન્ડ રિયાલિઝમ' દ્વારા વડોદરાના સમૃદ્ધ કલાત્મક અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરવામાં આવ્યો હતો. લક્ષ્મી વિલાસ પેલેસ સહિત શહેરનાં ઐતિહાસિક સ્થળોએ યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય અને યુરોપિયન પરંપરાઓ વચ્ચેના સાંસ્કૃતિક આદાનપ્રદાનને કલા, સ્થાપત્ય અને નાટ્યપ્રસ્તુતિના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું હતું.એફજીઆઈ ઑડિટોરિયમ ખાતે યોજાયેલા 'વડોદરામાં કલા પર સંવાદ' સત્રમાં મહારાણી ડૉ. રાધિકારાજે ગાયકવાડ અને આંતરરાષ્ટ્રીય કલા નિષ્ણાત ડેબોરા સ્વૉલોએ કલાસંગ્રહના સંરક્ષણ અને વારસાની જાળવણી અંગે વિચારો રજૂ કર્યા હતા. સોપાનના ડિરેક્ટર સિદ્ધાંત મોહિતા, મહારાણી ડૉ. રાધિકારાજે ગાયકવાડ અને વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ આ પહેલને શહેરના વારસાને નવી પેઢી સાથે જોડતું મહત્વપૂર્ણ માધ્યમ ગણાવ્યું હતું.

જયપ્રકાશ નારાયણની જન્મજયંતિએ જે.પી. રોડ ખાતે વિશેષ પુષ્પાંજલિ

વડોદરા : ભારતના મહાન સ્વતંત્રતા સેનાની અને લોકનાયક જય પ્રકાશ નારાયણ ની જન્મજયંતિ અન્વયે વડોદરા મહાનગરપાલિકા દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના જાણીતા જે.પી. રોડ સ્થિત ચકલી સર્કલ ખાતે યોજાયેલા આ શ્રદ્ધાંજલિ સમારોહમાં વડોદરાના મેયર ગીતાબેન મકવાણા અને સ્થાયી સમિતિના અધ્યક્ષ વર્ષાબેન વ્યાસ સહિતના અગ્રણી પદાધિકારીઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં મેયર ગીતાબેન મકવાણાના વરદ હસ્તે લોકનાયક જયપ્રકાશ નારાયણની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી અને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ અવસરે તેમની સાથે ઉપસ્થિત અન્ય પદાધિકારીઓએ પણ પુષ્પાર્પણ કરી રાષ્ટ્ર પ્રત્યેના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત જનસમુદાયને સંબોધતા મેયર ગીતાબેન મકવાણાએ જણાવ્યું હતું કે, "લોકનાયક જયપ્રકાશ નારાયણનું સમગ્ર જીવન રાષ્ટ્રસેવા- લોકશાહીના મૂલ્યો માટે સમર્પિત હતું.

મહારાજા અગ્રસેનજીની ૫૧૫૦મી જયંતી અગ્રવાલ સમાજ દ્વારા ઉજવાઈ

વડોદરા : શહેરના વાઘોડિયા રોડ સ્થિત અગ્રવાલ સમાજ દ્વારા મહારાજા અગ્રસેનજીની ૫૧૫૦મી જન્મજયંતી મહોત્સવ ખૂબ જ હર્ષોલ્લાસ અને ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે અગ્રવાલ સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, અને સમગ્ર વિશ્વમાં ઉજવાતા આ પર્વ નિમિત્તે વડોદરા શહેરમાં ભવ્ય બાઈક રેલી તથા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.ઉજવણીના ભાગરૂપે વાઘોડિયા રોડ પર જગદંબા મોબાઈલ પાસેથી બાઈક રેલીનું પ્રસ્થાન થયું હતું. આ આકર્ષક રેલી શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરી હતી. રેલીનો રૂટ વૈકુંઠ ચાર રસ્તા, પાણીની ટાંકી, પરિવાર ચાર રસ્તા, ગુરુકુળ ચાર રસ્તા, ડીમાર્ટ રોડ, કલાદર્શન ચાર રસ્તા, પૂનમ કોમ્પ્લેક્સ, શ્રી સૂર્યનગર ગરબા ગ્રાઉન્ડ, ઉમા ચાર રસ્તા અને વૃંદાવન ચાર રસ્તા થઈને રંગવાટિકા ખાતે સમાપન પામ્યો હતો. આશરે ૧૨ થી ૧૫ કિલોમીટર લાંબી આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં અગ્રબંધુઓ જોડાયા હતા.

દાદા કરતાં બહેનનો ચાર્જ ૨૫ ટકા વધારે!

ગરબાના મેદાનમાં બહેનની બોલબાલા, દાદાની મોનોપોલીને પડકાર!

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

નવરાત્રીના નવ દિવસમાં ગરબાના મેદાનમાં માત્ર ઢોલ-નગારાના તાલ જ નથી ગુંજતા, પરંતુ ફી, લોકપ્રિયતા, બ્રાન્ડિંગ અને માર્કેટની બોલબાલાની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે. સૌથી રસપ્રદ વાત તો એ છે કે એક સમયે દાદાની સાથે જ ગરબાની દુનિયામાં સક્રિય રહેલી બહેને હવે પોતાનું અલગ સાહસ શરૂ કરીને એવું માર્કેટ જમાવ્યું છે કે આજે દાદા કરતાં પણ વધુ ચાર્જ વસૂલતી હોવાની ચર્ચા છે!

કહેવાય છે કે બહેન નવરાત્રીના નવ દિવસના ગરબા માટે આઠ આંકડામાં ફી વસૂલે છે અને તેમનો ચાર્જ દાદા કરતાં અંદાજે ૨૫ ટકા વધારે છે. એટલે કે ગરબાના મેદાનમાં બહેનનો વટ માત્ર દાંડિયાના તાલ પૂરતો મર્યાદિત રહ્યો નથી, પરંતુ ફીના આંકડામાં પણ જોવા મળી રહ્યો છે. એક સમયે જેની સાથે રહીને ગરબાની દુનિયાની બારીકાઈઓ સમજવાની તક મળી, એ જ બહેને હવે પોતાની અલગ ઓળખ ઊભી કરી, પોતાની બ્રાન્ડ બનાવી અને બજારમાં પોતાની આગવી જગ્યા કોતરી કાઢી છે. જાણે ગુરુ પાસેથી તાલ શીખીને શિષ્યએ પોતાનું જ મેદાન ઊભું કરી દીધું હોય!

બહેનની આ સફળતા પાછળ નવી પેઢીની પસંદગી અને બદલાતા સમયની નાડ પારખવાની આવડત મહત્ત્વની હોવાનું મનાય છે. ખાસ કરીને ઝેન-ઝી પેઢીમાં બહેનની લોકપ્રિયતા સારી એવી ચર્ચામાં છે. આજની યુવા પેઢીને શું ગમે છે, કેવા પ્રકારનું આયોજન આકર્ષે છે અને કઈ બ્રાન્ડ સાથે જોડાવું ગમે છે, એ સમજવામાં બહેને સફળતા મેળવી હોય તેમ જણાય છે. પરિણામે હવે ગરબાના બજારમાં તેમની માંગ અને ફી બંને ચર્ચાનો વિષય બની રહ્યાં છે.

બીજી તરફ, દાદાની વાત કરીએ તો એક સમય એવો હતો કે ગરબાના મેદાનમાં તેમનું જાણે એકચક્રી શાસન ચાલતું હતું. તેમની લોકપ્રિયતા અને પ્રભાવ સામે બહુ ઓછા સ્પર્ધકો ટકી શકે તેવી સ્થિતિ હતી. પરંતુ સમય ક્યારેય એકસરખો રહેતો નથી. હવે નવા આયોજકો અને સ્પર્ધકો મેદાનમાં ઊતરી ચૂક્યા છે. ગરબાની દુનિયામાં વિકલ્પો વધ્યા છે અને તેની સાથે સ્પર્ધા પણ આકરી બની છે. તેમાં વળી જ્યાં દાદા ગાવા જાય છે ત્યાં કાયમ ઊભા થતા વિવાદોએ પણ દાદાના ગરબાની ચમક પર અસર કરી હોવાની વાતો વહેતી થઈ રહી છે.

સવાલ એ નથી કે કોણ કેટલા રૂપિયાની ફી વસૂલે છે, પરંતુ સવાલ એ છે કે બજારનો મિજાજ આટલો ઝડપથી કેવી રીતે બદલાઈ ગયો? એક સમયે દાદાની સાથે ચાલનારી બહેન આજે પોતાની અલગ ઓળખ સાથે આગળ વધી રહી છે, જ્યારે દાદાએ પોતાની જૂની લોકપ્રિયતાને નવા સમયની અપેક્ષાઓ સાથે કેટલી હદે સાંકળી છે, તેની ચર્ચા થવી સ્વાભાવિક છે. કારણ કે ગરબાની દુનિયામાં પણ માત્ર જૂનું નામ કે જૂની પ્રતિષ્ઠા લાંબા સમય સુધી પૂરતી સાબિત થતી નથી. અહીં સતત બદલાતી પસંદગી, નવા પ્રયોગો, આયોજનની ગુણવત્તા અને યુવા પેઢી સાથેનું જોડાણ પણ મહત્ત્વ ધરાવે છે.

ટૂંકમાં કહીએ તો, દાદા પાસે જૂની ઓળખનો વારસો છે, તો બહેન પાસે નવી પેઢીનો વિશ્વાસ અને પોતાનું અલગ માર્કેટ! હવે ગરબાના મેદાનમાં કોણ કેટલા દાંડિયા રમે છે તેના કરતાં કોના નામે કેટલા રૂપિયા ખર્ચવા લોકો તૈયાર થાય છે, એ વધુ મહત્ત્વનું બની ગયું છે.

આખરે, ગરબાના મેદાનમાં તાલ તો બંનેના વાગે છે, પરંતુ બજાર કોના તાલે વધુ ઝૂમે છે, એ જ ખરી કસોટી છે! દાદા માટે આ બદલાતા સમયનો સંકેત છે અને બહેન માટે પોતાની અલગ ઓળખની સફળતાની ચર્ચા. હવે જોવાનું એ રહે છે કે આગામી નવરાત્રીમાં દાદા ફરી પોતાનો જૂનો દબદબો જમાવે છે કે બહેનની વધતી લોકપ્રિયતા ગરબાના બજારમાં નવો ઈતિહાસ રચે છે! કારણ કે હવે ગરબાના વર્તુળમાં પણ વારસો એક વાત છે, પણ માર્કેટમાં પોતાનો સિક્કો જમાવવો એ બીજી વાત છે!

દારૂનો ધંધો કરવાવાળાની એજન્સી સમક્ષ હાજરીની 'નોંધ' પણ સ્થાનિક પોલીસ જ લેશે!

વડોદરા શહેરમાં દારૂના ગેરકાયદે વેચાણ પર અંકુશ રાખવાની જવાબદારી કોની અને બુટલેગરોને કોની પાસે હાજર થવું પડે, તેવા સવાલો વચ્ચે હવે પોલીસના કહેવાતા 'વહીવટ'ની ચર્ચાએ નવો વળાંક લીધો છે. દારૂના ધંધા પર કાયદાનો અંકુશ હોવો જોઈએ, પરંતુ અહીં તો કાયદાની અમલવારી કરતાં કોની પાસે હાજરી પૂરાવવી અને કોનો સંદેશો માનવો, એ જ વધુ મહત્ત્વનો વિષય બની ગયો હોય તેવી ચર્ચા છે!

ચર્ચા મુજબ, શહેરના એક પોલીસ સ્ટેશનના વહીવટદારે છૂટક દારૂનું વેચાણ કરતા એક બુટલેગરને સંદેશો પાઠવ્યો કે એજન્સીની ટીમ આવી છે અને તને બોલાવે છે, એટલે જઈને મળી આવજે. જાણે કોઈ સરકારી કચેરીમાં હાજરી પૂરાવવાની ઔપચારિકતા બાકી રહી ગઈ હોય તેમ આ સંદેશો આપવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

પરંતુ બુટલેગરે પણ જાણે પોતાના ધંધાની કાર્યપદ્ધતિનો ખુલાસો કરતાં જણાવ્યું કે તે કોઈ એક સ્થળે બેસીને દારૂ વેચતો નથી, પરંતુ અલગ-અલગ સ્થળોએ એક્ટિવા ઊભું રાખીને છૂટક વેચાણ કરે છે. સાથે જ સ્થાનિક સ્તરે હપ્તો આપતો હોવાનો દાવો કરીને તેણે એજન્સીના માણસોને મળવા જવાની જરૂરિયાત સામે સવાલ ઉઠાવ્યો હોવાની ચર્ચા છે.

અહીં સવાલ એ થાય છે કે કાયદાના અમલ માટે જવાબદાર તંત્ર સમક્ષ હાજર થવાની વાતમાં પણ જો હપ્તાની ગણતરી વચ્ચે આવતી હોય, તો પછી કાયદો ક્યાં ઊભો છે અને કહેવાતો 'વહીવટ' ક્યાં સુધી પહોંચ્યો છે?

ચર્ચા એવી પણ છે કે વહીવટદારે બુટલેગરને ચેતવણીના અંદાજમાં કહ્યું હતું કે એજન્સીના માણસોને મળવા નહીં જાય તો ધંધો કરવા દેવામાં નહીં આવે અને પછી ફરિયાદ કરતો નહીં. જોકે, બુટલેગર એજન્સીના માણસોને મળવા ગયો ન હોવાની ચર્ચા છે.

હવે આ સમગ્ર ઘટનામાં વ્યંગાત્મક રીતે સૌથી મોટો સવાલ એ છે કે દારૂનો ગેરકાયદે ધંધો રોકવા માટે એજન્સી આવી હતી કે ધંધો કરનારને હાજરી પૂરાવવાની યાદ અપાવવા માટે? જો ખરેખર કોઈ ગેરરીતિ થઈ હોય તો તેની તપાસ અને કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ; પરંતુ એજન્સીના નામે બોલાવવાની પાછળનો હેતુ શું હતો, તે સ્પષ્ટ થવું જરૂરી છે.

શહેરમાં દારૂના વેચાણ અને પોલીસના કથિત હપ્તા અંગે થતી ચર્ચાઓ વચ્ચે હવે એજન્સીની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવે છે. જો આ આક્ષેપોમાં તથ્ય હોય તો નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

કારણ કે કાયદાના રાજમાં બુટલેગરને કાયદાનો ડર હોવો જોઈએ, પરંતુ કાયદાના નામે કોને મળવું, કોને જવાબ આપવો અને કોની વાત માનવી–એવી અસ્પષ્ટતા ઊભી થાય તો સવાલ માત્ર બુટલેગરનો નહીં, સમગ્ર વ્યવસ્થાની વિશ્વસનીયતાનો બને છે.

ગરબાના મેદાનમાં ખેલૈયાઓનો તાલ, આયોજકોના માથે 'રાજકીય પાસ'નો ભાર!



વડોદરામાં નવરાત્રીનો રંગ બરાબર જામ્યો છે. ગરબાનાં મેદાનોમાં ખેલૈયાઓ મન મૂકીને ઝૂમી રહ્યા છે, પરંતુ કરોડોના ખર્ચે આયોજન કરતા આયોજકો માટે ગરબા ઉપરાંત પાસનો અલગ જ ગરબો શરૂ થયો હોવાની ચર્ચા છે. કોર્પોરેટરો અને ધારાસભ્યો તરફથી 20થી 40 પાસ મોકલી આપવાની માગણીઓ આવતી હોવાની ચર્ચાએ આયોજકોની મુશ્કેલી વધારી છે.

એક તરફ સામાન્ય ખેલૈયાઓ મોંઘાદાટ પાસ ખરીદીને ગરબામાં પ્રવેશ મેળવે છે, તો બીજી તરફ રાજકીય ઓળખાણના આધારે મફત પાસની અપેક્ષા રાખવામાં આવતી હોવાની ચર્ચા છે. પરિણામે આયોજકો માટે કોને પાસ આપવા અને કોને ના પાડવી તે પણ મોટો સવાલ બની ગયો છે.

આયોજકોને પણ ખબર છે કે ગરબાના મેદાનમાં નિયમોનું પાલન કેટલું થાય છે, અને પાસ નહીં આપીએ તો ' સાહેબ ' ક્યાં નડી જાય તેમ છે. એટલે જ રાજકીય સંબંધો સાચવવાનું દબાણ હોવાની ચર્ચા છે. એટલે ખેલૈયાઓને નિયમો સમજાવતા આયોજકો રાજકીય મહાનુભાવોની પાસની માગણી સામે નીચી મૂંડીએ વ્યવસ્થા કરતા હોવાની વાતો વહેતી થઈ છે.

બાકી, ખેલૈયાઓ ગરબે ઘૂમે છે, આયોજકો પાસની ગણતરીમાં ફસાય છે અને રાજકીય મહાનુભાવોની માગણીઓની ચર્ચા વચ્ચે નવરાત્રીનો એક અલગ જ 'પાસ ગરબો' જામ્યો છે!

કલેક્ટર કચેરી છે કે ગરબા આયોજકોનું વેલકમ સેન્ટર?

વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીમાં સામાન્ય અરજદારોને સરકારી કામ માટે કલાકો સુધી રાહ જોવી પડતી હોવાની ફરિયાદો વચ્ચે ગરબા આયોજકોને મળતી કથિત અગ્રતા ચર્ચાનો વિષય બની છે. જમીન-મિલકતના પ્રશ્નો હોય કે નાના-મોટા દાખલા, અરજદારો કચેરીના ધક્કા ખાય અને સામે 'સાહેબ વ્યસ્ત છે, કાલે આવજો'નો જવાબ મળે! પરંતુ વાત ગરબા આયોજકોની આવે ત્યારે કચેરીનો માહોલ જ બદલાઈ જતો હોવાની ચર્ચા છે.

પાસની લહાણી કરવા આવતા ગરબા આયોજકોને સીધા અધિકારીઓ સુધી પહોંચવાની તક મળતી હોવાની ચર્ચા વચ્ચે સામાન્ય અરજદારો માટે આ ભેદભાવભર્યો અનુભવ સવાલો ઊભા કરે છે. એક તરફ અરજદારો વેઈટિંગમાં બેસીને પોતાના વારો આવવાની રાહ જુએ, તો બીજી તરફ આયોજકોની મુલાકાત માટે જાણે 'વીઆઈપી એન્ટ્રી'ની વ્યવસ્થા હોય એવો ઘાટ સર્જાતો હોવાની વાતો વહેતી થઈ છે.

નવરાત્રીના નવ દિવસ માટે ગરબા આયોજકો મહત્ત્વના હોય એ સમજી શકાય, પરંતુ સરકારી કચેરીમાં સામાન્ય નાગરિકોના પ્રશ્નોનું મહત્ત્વ ઓછું થઈ જાય તો સવાલ ઊઠવાના જ. અરજદારો માટે નિયમો અને રાહ જોવાની વ્યવસ્થા હોય, તો આયોજકો માટે પણ એ જ પારદર્શક વ્યવસ્થા કેમ નહીં? આખરે સરકારી કચેરી કોઈ ખાનગી ગરબા મહોત્સવનું વીઆઈપી લાઉન્જ તો નથી!

હવે જોવાનું એ છે કે અરજદારોનાં કામ ઝડપથી થાય છે કે પછી સામાન્ય નાગરિકોએ પણ પોતાની અરજી સાથે ઢોલ-નગારાં લઈને આવવું પડશે! કારણ કે લોકશાહીમાં નાગરિકને તેના કામ માટે પ્રાથમિકતા મળવી જોઈએ, ઓળખાણના આધારે નહીં.